अज्जेव धम्मं पडिवज्जयामो,
जहिं पवण्णा ण पुणब्भवामो

જે ધર્મનો સ્વીકાર કરવાથી ફરી જન્મ મરણ ન કરવા પડે,
તે સંયમધર્મને અમે આજે જ અંગીકાર કરીશું.

હે પરમ ગુરુદેવ !
તારા વૈરાગ્યના
વિરાટ પગલે,
મારી આત્મયાત્રાની
થશે હવે,
પાપા પગલી...

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

॥ આર્ય સુધર્મા સ્વામિને નમો નમઃ ॥ ॥ આર્યા ચંદનાયૈ નમો નમઃ ॥

પારસધામ ફેડરેશન આયોજિત

રાષ્ટ્રસંત
પરમ નમ્રમુનિ ગુરુદેવના સાંનિધ્યે
3 મુમુક્ષુ આત્માઓનો



જૈન દીક્ષા મહોત્સવ
પુણ્યવંતુ આમંત્રણ

માંગલ્ય દિન

NOV **29** 2026

માંગલ્ય ક્ષણ

સવારના **8** કલાકે

સ્થળ

World Convention Center

BKC, Mumbai

દીક્ષા મહોત્સવ અંગે માર્ગદર્શન

+91-730300555 / 666

અમારા જીવનનો
સૌથી પવિત્ર અને ગૌરવમય અવસર



અપાર આનંદના અવસર અમારા આંગણે આવ્યાં.
સંતાન અમારા થનગને અણગાર ધર્મની આરાધના કરવા

આવો પધારો...

ઉછળતી અંતર ઊર્મિઓના વધામણે આવકારીએ આપને.

રત્નકુક્ષિણી શ્રી જલ્પાબેન નિલેશભાઈ મહેતા
રત્નકુક્ષિણી શ્રી હેતલબેન મિલનભાઈ શાહ
રત્નકુક્ષિણી શ્રી સિંધુબેન વિષ્ણુકુમાર રાજપૂત

અનુજ્ઞા સાથે વંદનીય ભાવે આવકારીએ ગોંડલ ગચ્છમાં

શ્રી ગોંડલ સંપ્રદાય • પારસધામ ફેડરેશન
શ્રી બૃહદ મુંબઈ સ્થા. જૈન મહાસંઘ

॥ પૂજ્ય ડુંગર –જય–માણેક–પ્રાણ-રતિ
ગુરુભ્યો નમઃ ॥

॥ પૂજ્ય જશ-ઉત્તમ-પ્રાણ
ગુરુભ્યો નમઃ ॥



કલ્યાણ પથદર્શક શ્રમણ શ્રેષ્ઠ પ્રભુ મહાવીરના શાસનની
વણથંભી પરંપરા જયવંતી વર્તી રહો

દિવ્યલોકથી આશીર્વાદની અમીવર્ષાના છાંટણા કરી રહ્યાં...



દાદા ગુરુદેવ આચાર્યદેવ પૂજ્ય
શ્રી ડુંગરસિંહજી મહારાજ
સાહેબ



પ્રગટ પ્રભાવક પૂજ્ય ગુરુદેવ
શ્રી જય–માણેકચંદ્રજી મહારાજ
સાહેબ



પરમ પ્રતાપી સૌરાષ્ટ્ર કેસરી
પૂજ્ય ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબ



તપસમ્રાટ તપોધની પૂજ્ય
ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ
સાહેબ

પૂજ્યવર જગ –જયંત–ગિરી– જનક–જગદીશ–હસમુખ ગુરુવર્યોનો જય હો

મુમુક્ષુઓની સંયમ પિપાસાની વૃદ્ધિ કરાવશે
રાષ્ટ્રસંત પરમ નમ્રમુનિ ગુરુદેવ આદિ સંતો

કૃપાના કેસરછાંટણા કરી રહ્યાં અમારા પૂજનીય સતી ભગવતી

આશીર્વાદ

પૂજ્ય હીર–વેલ –માન–દેવ–ઉજમ–મણી –મોતી–ફૂલ–આમ્ર–અમૃત–ગુલાબ–લલિત–મુક્ત–લીલમ ગુરુણીમૈયા

વર્તમાન સંપ્રદાયવરિષ્ઠા પૂજ્ય શ્રી પ્રાણકુંવરબાઈ મહાસતીજી, તપસ્વીરત્ના પૂજ્ય શ્રી વનિતાબાઈ મહાસતીજી

પાવન સાંનિધ્ય

પૂજ્યશ્રી ડૉ. જશુબાઈ મહાસતીજી, વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મ. આદિ સાધ્વીવૃંદ તથા
મુંબઈમાં બિરાજમાન પૂજનીય સાધુ–સાધ્વીજી ભગવંતો અનુકૂળતા પ્રમાણે પધારશે.

અહો જિનશાસન!
તને વંદન હજાર

ધર્મ અનુરાગી દેવાનુપ્રિય શ્રી

જય જિનેન્દ્ર,

જેના આલંબને, અનંત જીવ તરી ગયાં અને અનંત જીવ તરી જશે, એવા તીર્થંકર **પ્રભુ મહાવીર**ના જયવંતા જિનશાસનની જ્યોતને ઉજાગર કરનારા પંચમ ગણધર ભગવંત **શ્રી સુધર્મા સ્વામી**ની ઝળહળતી પાટ પરંપરાને દિવ્યતા આપી રહ્યો, જેની સંયમ સાધનાનો ઈતિહાસ એવા ગોંડલ ગચ્છના આચાર્યદેવ 1008 પૂજ્ય **શ્રી ડુંગરસિંહજી** મહારાજ સાહેબની પાટ પરંપરાને ગૌરવ આપી રહ્યું, જેમનું પ્રગટ પ્રભાવક તત્વ એવા તપસ્વી ગુરુદેવ પૂજ્ય **શ્રી જયચંદ્રજી - માણેકચંદ્રજી** મહારાજ સાહેબ, સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂજ્ય **શ્રી પ્રાણલાલજી** મહારાજ સાહેબ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ **શ્રી રતિલાલજી** મહારાજ સાહેબની પરંપરાને પરમ વંદનીય બનાવનારા એવા કૃપાપાત્ર સુશિષ્ય...

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ **શ્રી નમ્રમુનિ** મહારાજ સાહેબના ચરણ-શરણમાં પ્રભુ પંથે પ્રયાણ કરવા તત્પર બનેલાં મુમુક્ષુ **શ્રી યશ્વીબેન** જલ્પાબેન નિલેશભાઈ મહેતા, મુમુક્ષુ **શ્રી જાનવીબેન** હેતલબેન મિલનભાઈ શાહ, મુમુક્ષુ **શ્રી તન્મયાબેન** સિંધુબેન વિષ્ણુકુમાર રાજપૂત સંસારને અંતિમ સલામ ભરીને જૈન દીક્ષા અંગીકાર કરશે.

29/11/2026 રવિવારના શુભ દિવસે, મુંબઈ મહાનગરે જિઓ વર્લ્ડ સેન્ટરની ધરા પર સંયમ જીવનનો પ્રારંભ કરશે. સંયમ ધર્મની અને મુમુક્ષુ આત્માઓના સંસારત્યાગની અનુમોદના કરવા આપશ્રી બંધુ, સ્વજન, પરિવાર સંગે અવશ્ય પધારશો.

પારસધામ ફેડરેશન



મુમુક્ષુ શ્રી

ચશ્ત્રીબેન

જલ્પાબેન નિલેશભાઈ મહેતા

ઉંમર : 23 વર્ષ • મૂળ વતન : જામનગર • હાલ : મુંબઈ

દાદી–દાદા : શ્રી નીલમબેન ઈશ્વરલાલ મહેતા

નાની–નાના : શ્રી વર્ષાબેન પ્રવીણભાઈ દોશી

ફૈબા–ફુઆ : શ્રી જચશ્રીબેન નીરજભાઈ દોશી

શ્રી અલ્પાબેન મનીષભાઈ વોરા

મામી–મામા : શ્રી પલકબેન હાર્દિકભાઈ દોશી

માસી–માસા : શ્રી અલ્પાબેન જચભાઈ શાહ

સંયમી સ્વજન
પરમ અનુજ્ઞાજી
મહાસતીજી
(મોટી બેન)



માતા–પિતા :
શ્રી જલ્પાબેન નિલેશભાઈ મહેતા



મુમુક્ષુ શ્રી

જાનવીબેન

હેતલબેન મિલનભાઈ શાહ

ઉંમર : 21 વર્ષ • મૂળ વતન : ચૂડા • હાલ : કોલકાતા

દાદી–દાદા : શ્રી રેખાબેન જિતેન્દ્રભાઈ શાહ

નાની–નાના : શ્રી પ્રીતિબેન સુરેશભાઈ શેઠ


કાકી–કાકા : શ્રી દીપાલીબેન નિકેશભાઈ શાહ

ભાઈ : શ્રી મોહિતભાઈ શાહ

બહેન : શ્રી ધ્વનીબેન શાહ


ફૈબા –ફુઆ : શ્રી પારુલબેન પંકજભાઈ કોઠારી

મામી–મામા : શ્રી શિક્ષાબેન ભાવિકભાઈ શેઠ



માતા–પિતા :

શ્રી હેતલબેન મિલનભાઈ શાહ



મુમુક્ષુ શ્રી

તન્મયાબેન

સિંધુબેન વિષ્ણુકુમાર રાજપુત

ઉંમર : 26 વર્ષ • મૂળ વતન : આકોલા

માતા–પિતા : શ્રી સિંધુબેન વિષ્ણુકુમાર રાજપુત

ધર્મ સ્વજન : શ્રી દત્તાબેન ગિરીશભાઈ શાહ
શ્રી હર્ષાબેન ભૂપેન્દ્રભાઈ મોદી
શ્રી શિલ્પાબેન નિરજભાઈ આવડકર
શ્રી શ્રુતિબેન મહેશભાઈ વર્મા



સ્નેહી સ્વજન :
શ્રી વંદનાબેન ગજાનનસાહેબ નારે

સદ્‌ભાગી
ધર્મ માતા પિતા



મુમુક્ષુ શ્રી ચશ્રીબેન
શ્રી તેજલબેન પરાગભાઈ શાહ
આકોલા

મુમુક્ષુ શ્રી જાનવીબેન
શ્રી બીજલબેન બ્રિજેશભાઈ શાહ
દુબઈ






મુમુક્ષુ શ્રી તન્મયાબેન
શ્રી ઉષાબેન અવંતીકુમાર કાંકરીયા
કોલકાતા

જૈન દીક્ષા મહોત્સવના હૃદયસ્પર્શી કાર્યક્રમો

25th Nov. 2026



સવારે 7:30 કલાકે

દીક્ષાર્થી શોભા યાત્રા

માતુશ્રી કંચનબેન રામણીકલાલ શેઠ પરિવારના આંગણેથી

સવારે 9:00 કલાકે

સમજ થી સંયમ – નાટિકા

રજોહરણ ભાવનૃત્ય

રાત્રે 8.00 કલાકે

REAL TALK, REAL STORIES

Real-life questions of Sansar, New perspective of diksharthis

26th Nov. 2026



સવારે 7:30 કલાકે

દીક્ષાર્થી શોભાયાત્રા

સવારે 9:00 કલાકે

સત્ નિમિત્ત થી સંયમ

The Footsteps

દીકરી તારા પગલે પગલે

રાત્રે 8:00 કલાકે

મારી લાડકી – દીકરી વ્હાલનો દરિયો

A Daughter. A Dream. A Divine Choice

દશે દશે દિવ્યતા પ્રસરે
દીક્ષા મહોત્સવના રૂડા ઉત્સવોની વણઝારે



27th Nov. 2026

સવારે 9.00 કલાકે

સંસ્કાર થી સંયમ

ધન્ના શાલિભદ્રની રિદ્ધિ સિદ્ધિની મહાગાથા –નાટિકા

વૈભવ થી વૈરાગ્ય

ઉપકરણ ઉત્સવ

છાબ દર્શન અને દીક્ષાર્થીઓના હસ્તે બેહું વર્ષીદાન

સાંજે 7.30 કલાકે

SOULFUL MUSICAL JOURNEY

સ્નેહબંધન – સ્નેહનો દોર, સંયમની ઓર



28th Nov. 2026


સવારે 9.00 કલાકે

THE LAST GOODBYE

Not an Ending.

A New Beginning.

વિદાય સમારોહ



29th Nov. 2026

જૈન દીક્ષા મહોત્સવ

સવારે 8.00 કલાકે

Jio World Convention Centre

પાંપણના પડદે રમતાં રહેશે સદાય
આપના સંસાર ત્યાગના એ દ્રશ્યો!
ને અંતરના ઓરડે ઝળહળતા રહેશે સદાય

અહો મુમુક્ષુ!

આપના વૈરાગ્યને વંદન કરતાં પ્રજ્વલિત દીપકો!

સમગ્ર દીક્ષા મહોત્સવના અનુમોદક

ધન્યાતિધન્ય

ધર્મવત્સલા

માતુશ્રી કંચનબેન રમણીકલાલ શેઠ પરિવાર

શ્રી જિગરભાઈ-મિલીબેન, મીતભાઈ, મૈત્રીબેન



સંસારથી સંયમ તરફ...
એક દિવ્ય પ્રયાણ



તીર્થંકરોને પણ તારનારી દીક્ષા,
આતમને ઓળખાવનારી દીક્ષા,
પ્રભુ સુધી પહોંચાડનારી દીક્ષા,
પ્રભુ જેવા બનાવનારી દીક્ષા...

અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, પાવનકારી દીક્ષા...
અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, કલ્યાણકારી દીક્ષા...

તને પામીને તર્યા અનંતા,
તને પામીને તરશે અનંતા,
પોતાથી પ્રભુ સુધીની ચાત્રા,
ચાલ્યા છે તારા પંથે અનંતા...

અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, પાવનકારી દીક્ષા...
અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, કલ્યાણકારી દીક્ષા...

આતમનો મારગ બતાવનારી,
સાચી સમજ જગાડનારી,
પ્રભુના પગલે ચલાવનારી,
એવી તારણહારી દીક્ષા...

અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, પાવનકારી દીક્ષા...
અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, કલ્યાણકારી દીક્ષા...

મોહથી મુક્તિ તરફ વાળનારી,
"હું"માંથી "પ્રભુ" તરફ લઈ જનારી,
જીવનને સાચી દિશા આપનારી,
એવી કલ્યાણકારી દીક્ષા...

અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, પાવનકારી દીક્ષા...
અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, કલ્યાણકારી દીક્ષા...

અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, પાવનકારી દીક્ષા...
અમને મળજો, તમને મળજો,
સહુને મળજો, કલ્યાણકારી દીક્ષા...



સંયમનો ગુંજશે મહાનાદ!

* દીક્ષા મહોત્સવ સમયસર 8:00 વાગ્યે પ્રારંભ થઈ જશે.

---

* **Registration Process**
  સરળતાથી અને સમયસર પૂર્ણ થઈ શકે તે માટે કાર્યક્રમના સ્થળે 30 મિનિટ વહેલા પધારવા વિનંતી.

---

* કાર્યક્રમ સવારે 8:00 થી 1:30 વાગ્યા સુધી ચાલશે. વચ્ચેથી ઊભા થઈને સમારોહમાં ખલેલ પહોંચાડવી નહીં.

---

* **Entry Pass** આપ બતાવશો તેની સામે આપને સવારના અલ્પાહાર તથા બપોર માટેના ભોજન ના પાસ આપવામાં આવશે.
  ભોજન 1:30 PM ના ચાલુ થશે,
  તે પહેલાં ભોજન વ્યવસ્થા થઈ શકશે નહીં.

---

* **Dress Code : White & White.**

LOCATION & CONNECTIVITY

Jio World Convention Centre, BKC, Mumbai

- International Airport: Approx. 9 km
- Domestic Airport: Approx. 6 km
- BKC Metro Station: Approx. 1–2 km
- Bandra Railway Station: Approx. 4–5 km

MULTY GRAPHICS
9987999299 ◄ 8080806736